## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તારા સુધી પગેરું આ લંબાય પણ ખરૂં
આશ્ચર્યનો સ્વભાવ છે,સર્જાય પણ ખરૂં.
માનવહદયની આ જ તો ખૂબી છે દોસ્તો?,
વેરાય પણ ખરૂં અને સમેટાય પણ ખરૂં !

- વિવેક કાણે 'સહજ'

### પાથેય

- રમેશ ઠક્કર

## જરા અમથી ઠેસ...

જગતમાં હોનારતો થાય છે..આપત્તીઓ આવે છે,ઉથલપાથલો તિલક મચાવી જાય છે.માણસ ઘડીભર હેબતાઈ જાય,હલબલી જાય,સ્વસ્થ થાય અને પાછો બેઠો થઈ જાય..! એ જ માણસ જયારે કોઈ મનગમતો સંબંધ ધરાશયી થાય છે ત્યારે કાયમી વેદનાગ્રસ્ત થઈ જતો હોય છે..આપણને શારીરિક કે બાહય રીતે થતું નુકશાન અસહય હોય છે.પરંતુ દિલને પહોંચતી ઠેસ હંમેશાં કારમી હોય છે. હદયને ઠેસ પહોંચાડતી નાનકડી ઘટનાનો આઘાત ઘણીવાર જિંદગીભર અસર કરી જાય છે.આની પાછળનું મહત્વનું કારણ છે માણસની લાગણી માટેની ભુખ.દેહ ટકાવવા માટે કોઈપણ પ્રાણીને હવા પાણી કે ખોરાકની જરૂર પડતી હોય છે.આ ચીજો વધતા ઓછા પ્રમાણમાં મળે તો પણ એ ચલાવી લેવાય પણ લાગણી માટેની તલાશ તમામને એકસરખી હોય છે.

પ્રેમ માટેનો તલસાટ માણસ માટે ઘણીવાર એકમાત્ર જરૂરિયાત બની જાય છે..એકલતા કે ગુમનામીમાં જીવતા અનેક લોકો આનું જાગતું ઉદાહરણ છે.ખાસ કરીને ગ્લેમર વર્લ્ડ કે જાહેરજીવનમાં દબદબો ભોગવનાર કે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરનારી અનેક પ્રતિભાઓ એમના અંતિમ દિવસોમાં લાગણીના એકાદ નાનકડા સહચાર માટે તરફડતા હોય છે.માણસની મુળભુત જરૂરિયાત ભલે રોટી કપડા અને આવાસ હશે પરંતુ સહવાસ એ પણ એટલી જ પાયાની બાબત છે.સંપત્તિ કે ભોતિક ચીજોનું નુકશાન ભરપાઈ જતું હોય છે..ઘણીવાર વિનાશ પછી જ નવસર્જનની એક નવી દિશા ખુલી જાય છે..પ્રેમ કે સ્નેહમાં જયારે કોઈ છેહ આપે એ પછી એમાં નવેસરથી કુંપળ ફૂટે એવું ભાગ્યે જ બને છે..સંબંધોની એક સુવાસ હોય છે જે ફકત વફાદારીની વર્ષા થકી ભીનાશ પામે છે.

વિશ્વાસના શ્વાસોશ્વાસથી દુનિયા ચાલે છે.માણસ જીવે છે, કોઈકના નિર્વ્યાજ સધિયારે આપણી નાવ ચાલતી રહે છે.માણસ મંઝિલ પામે છે ફકત શ્રધ્ધાના સહારે..! અને એ માટે જરૂરી છે પરસ્પરનો પ્રેમ.એકબીજા માટેનો મકકમ આત્મવિશ્વાસ જ એનો આધાર છે. કોઈપણ બે વ્યકિત વચ્ચેનો ભરોસો તૂટે છે ત્યારે લાગે છે કે ઈશ્વરની વ્યવસ્થામાં કશુંક ખૂટે છે.જગત ત્યારે જીવવા જેવું લાગતું નથી. માણસ બુધ્ધિને તો સારી રીતે સમજી શકે છે પમ કમબખ્ત દિલ અજાયબ ચીજ છે! એ ઘણીવાર એકતરફી પણ ધબકતું રહે છે એક શાયર કહે છે એમ 'જે નથી મારાં કદી એનો બનાવ્યો છે મને..' પોતાની લાગણીનો કયાંક પ્રતિઘોષ સંભળાય એ આપણા સહુની તલાશ બની જાય છે.એવું નથી થતું એની વિહવળતા પણ ગજબ હોય છે. પ્રેમનું ગણિત અટપટું છે.વ્યવહારિક જગતમાં ય જેને માટે અનેક પ્રકારે ભોગ આપ્યો હોય એ લોકો વિશ્વાસભંગ કરે છે..તુટેલા સંબંધને રેણ થઈ શકતું નથી..ઉમાશંકર કહે છે તેમ 'માનવી ના હૈયા ને નંદવાતાં વાર શી...'સામાપક્ષે સમગ્ર માણસજાતનો વહીવંચો જોઈએ તો વિશ્વાસે અનેક વહાણો ચાલ્યાના પુરાવા પણ મોજુદ છે.

શ્રધ્ધાના ઊતુંગ મિનારા અને ભરોસાના કિનારા હંમેશાં આપણી જિજીવિષાને જીવંત રાખે છે..વિશ્વાસ કેવળ બટકણી ચીજ નથી જગતમાં પોલાદ જેવા સંબંધો પણ ધબકે છે..જયાં સુધી શ્રધ્ધાના શઢમાં વફાદારીનું વહન થતું રહેશે ત્યાં સુધી બેવફાઈના કોઈ વંટોળ એને ડગમગાવી શકશે નહી.વિશ્વાસ છે તો વિશ્વ છે.માણસે હંમેશાં પરસ્પરના વિશ્વાસનું જતન કરવાની કોશિશ કરવી જોઈએ ભલે કોઈ વાયદો ના કરી શકીએ..! કેમકે કોશિશો હંમેશાં કામયાબ થઈ જતી હોય છે...વાયદા કાયમ તૂટી જતા હોય છે..!

# ચોથો તબક્કો ભાજપનું ભવિષ્ય નક્કી કરશે

**તંત્રીસ્થાનેથી...**

ચોથા તબક્કાના મતદાનમાં ઉત્તરપ્રદેશના જે વિસ્તારોનો સમાવેશ થયો છે તે ભારતીય જનતા પાર્ટીની શાખ સામે મોટો પડકાર સરજી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિસાનોને કચડવાના આરોપસર ગુનેગાર ઠરેલા સાંસદપુત્ર વિરુદ્ધ કોઈ પગલાં લીધાં નથી. સાંસદ મિશ્રા ઉત્તરપ્રદેશના રાજકારણનું દબંગ મહોરું છે. જેને મંત્રીમંડળમાંથી હટાવીને નૈતિકતા દર્શાવવા જેટલી હિંમત વડાપ્રધાન દાખવી શક્યા નથી. લખીમપુરની બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો દબદબો રહેશે તો 'લાઠી ઉસકી ભૈંસ' વાળી ભેયાઓની કહેવત જ સાર્થક થશે અને સત્તાસ્થાને દબંગ તત્ત્વોની તાજપોશી થતી રહેશે. કિસાનો માટે એ બેઠકો પર ભાજપને હરાવવાનો પ્રશ્ન પ્રતિષ્ઠાનો સવાલ બની રહેલ છે. જો કે ભાજપ પાસે હિંદુત્વનું કાર્ડ છે અને મોદીનો કરિશ્મા છે તો સાથે જ મોદી મંત્રીમંડળમાં કુંડળી મારીને બેઠેલા એ બેઠકો પરથી ચૂંટાયેલા સાંસદનો મની અને મસલ પાવર છે. સમાજવાદી પાર્ટી પાસે ઈવીએમનાં ચેડાં રોકવાની જોગવઆઈ પણ નથી. એ બહુ બહુ તો ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે. માયાવતીના ઉમેદવારો તથા કોંગ્રેસના ઉમેદવારો પણ ભારતીય જનતા પાર્ટીને જ આડકતરી મદદ કરી રહ્યા છે. જો કે રાયબરેલી સંસદીય ક્ષેત્રમાં એ જ રીતે કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષાની પ્રતિષ્ઠા દાવ પર મુકાઈ ગઈ છે. ગત ચૂંટણીમાં સમ ખાવા પૂરતાં સોનિયા ગાંધી એ બેઠક બચાવી શક્યાં હતાં ત્યાં એમનાં જ પૂર્વ સમર્થક અદિતિસિંહ ભાજપનાં ઉમેદવાર બની મેદાનમાં ઊતર્યા છે. સોનિયાના કબજામાંથી નહેરુ વંશની બેઠકો ખૂંચવી લેવાનો દાવ સફળ થશે તો મોદીનું કોંગ્રેસને નામશેષ કરવાનું સપનું મહદંશે પૂરું થયું લેખાશે. ગુજરાતમાં પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારને ભાજપમાં આવકારતાં ભાજપના ઉપાધ્યક્ષ ગોરધન ઝડપિયાએ કોંગ્રેસનું નામું લખાઈ રહ્યું હોવાનો હરખ વ્યક્ત કર્યો હતો તે સૂચક છે. ભાજપ માટે કોંગ્રેસનો સમૂળગો એકડો કાઢી નાખવો એ રાષ્ટ્રીય એજન્ડા છે. લખનૌ ઉત્તરપ્રદેશની રાજધાની છે. એની વિશિષ્ટ ગંગાજમની તહેજિબ માટે જાણીતા આ નગરમાં કયારેક અટલબિહારી વાજપેયીની શાયરીઓ ગૂંજતી હતી. વાજપેયીએ ગુજરાત અને ઉત્તરપ્રદેશ વધુ મહત્ત્વનું રાજય છે એની પ્રતીતિ કરાવી હતી. નરેન્દ્ર મોદીએ પણ એમની પહેલી ચૂંટણીમાં વડોદરા અને વારાણસી - એમ બે બેઠકો પર ઉમેદવારી કરી હતી અને પોતે ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા પછી વડાપ્રધાન બન્યા હોવા છતાં ગુજરાતની બેઠકો છોડીને ગંગામૈયાના ખોળામાં રમવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. કોંગ્રેસના એક સમયના ધરખમ બ્રાહ્મણ નેતા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી હેમવંતીનંદન બહુગુણાએ જયારે અલગ પ્રાદેશિક પક્ષ બનાવી કટોકટી ટાણે જનતા પાર્ટી સાથે જોડાવાનું નક્કી કર્યું ત્યારે એમને પાઠ ભણાવવા રાજીવ ગાંધીએ એમના લોકપ્રિય બાળગોઠિયા અમિતાભ બચ્ચનને મેદાનમાં ઉતારી એમનો ગર્વ ઉતારી દીધો હતો. એ જ બહુગુણામાં પુત્રી વર્ષો સુધી કોંગ્રેસમાં રહ્યા પછી ભાજપનો ભગવો ધારણ કરી લખનૌનાં નેતા તરીકે સ્થાપિત થયાં હતા. હવે જયારે એમને ફરજિયાત રિયાટર કરી દેવાયા છે અને એણના પરિવારના સભ્યને ટિકિટ નકારાઈ છે ત્યારે લખનૌ ભાજપ માટે પ્રતિષ્ઠાનું કેન્દ્ર બની જાય છે. ભાજપનો એક કાયમી સૂર એ રહ્યો છે કે તે મોદીના નામે ચૂંટણી લડે છે. ખુદ વર્તમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ મોદીના સહાજે જ ઉત્તરપ્રદેશનો જંગ જીતવા નીકળ્યા છે. એટલે ઉત્તરપ્રદેશ પર ફરી એકવાર યોગીનો દબદબો રહેશે તો પણ તે મોદીના કારણે જ રહ્યો લેખાશે. જો ઓછી બેઠકો મળશે અથવા સમાજવાદી પાર્ટીનાં નેતાનું ભવિષ્ય જોર કરશે તો હારનું ઠીકરું યોગીના તાલડામાં ફોડાશે. એ જ રીતે અગાઉ નાસીપાસ થયેલાં ઈંદિરા પૌત્રી આ વખતે પણ નાપાસ થશે તો કોંગ્રસેનું ઉત્તરપ્રદેશ પૂરતું તો હંમેશને માટે નામું લખાઈ જશે. અલબત્ત, બસપા પ્રમુખ માયાવતી સામેની તપાસ અટકી જશે અને બનવાજોગ કે એમને એનડીએ સાથે જોડી દઈ કેન્દ્રીય કૅબિનેટમંત્રી પદે સ્થાપિત કરી દેવામાં આવે.

# પ્રતિજ્ઞાઓ કરતાં પ્રયત્નો વધુ શ્રેષ્ઠ હોય છે




રહેવા દે, રહેવા દે આ સંહાર, યુવાન ! તું,
ઘટે ના ક્રૂરતા આવી : વિશ્વ આશ્રમ સંતનું.
- કલાપી

●●●

હમણાં નર્મદ નગરી સુરતમાં પ્રિયપાત્રને પામવાની ઘેલછામાં એક લબરમુછિયા મનોરોગીએ સરેઆમ પાશવી લીલા ખેલી ! આ ઘાતકી ઘટનાથી સમગ્ર માનવજાત હબકી ગઈ.

દોસ્તો, છેલ્લા દાયકાથી ફેબ્રુઆરી મહિનો વિષ્ટ બન્યો છે. એના ખાસ દિવસોથી....

૭/૨ રોઝ ડે
૮/૨ પ્રપોઝ ડે
૯/૨ ચોકલેટ ડે
૧૦/૨ ટેડી ડે
૧૧/૨ પ્રોમિસ ડે
૧૨/૨ હગ ડે
૧૩/૨ કિસ ડે
૧૪/૨ વેલેન્ટાઈન ડે

અમારી પેઢી એટલે કે જેમણે ૪૦-૫૦ કે ૬૦ વસંતો જોઈ છે એનામાં કોઈએ પણ આવા દિવસોમાં નામ જોયા - જાણ્યા કે સાંભળ્યા નથી... મોબાઈલ ફોનના અવતરણ પછી આ માયાવી જાળ વિસ્તરીને વ્યાપક બની. આવા દિવસોની આપણે ત્યાં શી જરૂર? આ ભારતીય સભ્યતામાં શા માટે ઘૂસાડવામાં આવ્યા ? કોના ફાયદા માટે આવ્યા ? આ બધું કોઈ વિચારે છે ખરું ?! બસ જોયા, જાણ્યા કે સમજ્યા વગર મેસેજ ફોરવર્ડ કરી દેવાના... પાશ્ચાત્ય સંસ્કૃતિનું આધળું અનુકરણ કરી અતિ આધુનિકતાના નાદમાં યુવાધન બરબાદીના રવાડે ચડ્યું છે.

આપણી આંખ આગળ સુરતની નૃશંસ ઘટના બઆજના વંઠેલ ફરજંદનો નમૂનો છે. શાળા મહાશાળાઓમાં અભ્યાસ કરી રહેલાં સંતાનોના મા-બાપોની આંખો ખોલનારી ઘટના છે. છેલ્લા કેટલાયે સમયથી કરોડો રુપિયાનું ડ્રગ્સ - નશીલા દ્રવ્યો પકડાય છે એ જ બતાવે છે કે આપણું યુવા ધન નશીલા દ્રવ્યોનું બંધાણી બની ચૂક્યું છે. વ્યસનોના પગલે ગુનાખોરીને પછી હિંસક વૃત્તિ.... આને કારણે રાષ્ટ્ર અને સમાજ અધઃપતનની ગર્તામાં ધકેલાઈ જશે.

આપણા મહાનગરોમાં કપલ બોક્સ, સ્મોકિંગ રુમ, સ્પા પાર્લર, હુક્કારાબ તો ઉઘાડે છોગ ફૂલ્યાં ફાલ્યાં છે. આંખ સામે ધમધમતાં આ બરબાદીનાં કેન્દ્રો બંધ કરાવવા ક્યાં સમાજહિત ચિંતકે પ્રયાસ કર્યો ?! સોશ્યલ મીડિયાએ તો દાટવાળી દીધો.... યુવાનો જ નહીં પ્રૌઢો પણ માનસિક વિકૃત બન્યા છે. આ ઓછું હોય તેમ ઓનલાઈન શિક્ષણનના નામે કુમળાં બાળ માનસ ને પણ મોબાઈલ એડિક્ટ ફરજિયાત બનાવવામાં આવ્યા... શાળા-મહાશાળાઆમાં તમાકુ અને ચૂના વચ્ચે હથેળીમાં મસલાઈ જતી આપણી સંસ્કૃતિ, સિગારેટના ધુમાડે ઊડતી આપણી ધાર્મિકતા, શરાબી જામનાં ચિયર્સમાં ટકરાતી આપણી ઈન્સાનિયત, મોબાઈલમાં વ્યસ્ત આપણી બધિકતામાં શિક્ષણ નંદવાયું છે. આપણાં શિક્ષણધામો તોફાની ટપોરી ગેંગના અડ્ડા બન્યા છે. આ અસામાજિક નબીરાઓ ધાક-ધમકીને રોફ જમાવી સારા છોકરા-છોકરીઓને ફસાવે છે, બગાડે છે અને જો તાબે ન થાય તો ન કરવાનું પણ કરી બેસે છે.

આ બધું જોતાં એવું લાગે કે ઈતિહાસ પડખું ફરી રહ્યો છે. આવા વિકૃત નગ્ન નાચ જોઈ 'અમારા જમાનામાં આમ હતું' એમ કહેનારી પેઢીનૂં નૂર હણાઈ ગયું છે. પોતાની જાતને સ્ટાઈલિશ અને હેન્ડસમ માનનારી આ યુવાપેઢી સમાજને શારીરિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને ભાવનાત્મક રીતે બરબાદ કરી રહી છે. આજનો યુવાન અભ્યાસુ હશે પણ કેળવાયો નથી. પ્રેમ,લાગણી, હૂંફ, આદર જેવી ભાવનાત્મકતાનો સદંતર અભાવ વર્તાય છે. એ પ્રેક્ટિકલી ખરો પણ ઈમોશનલી સાવ નબળો પુરવાર થયો છે. 'સેલ્ફ સેન્ટર્ડ' યુવાન સમ્યક દષ્ટિવિહીન એના ભણતર, ગણતર ને ઘડતરમાં ચૂક થઈ છે. આ માટે સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને વડીલોએ નૈતિક મૂલ્યોનું પ્રત્યારોપણ કરવું પડશે. આપણી ધર્મભાવના, આપણા આદર્શો, આચાર-વિચાર, સુંસ્સકારની ભાવનાને ઉત્તેજિત કરવી પડશે. એથીયે વિશેષ

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- ૨૦૧૦ - સચિન તેંડુલકરે વનડે ક્રિકેટમાં સૌ પ્રથમ ડબલ સેન્ચુરી ફટકારી.
- ૧૯૫૫માં આજ દિવસે એપલના સહ-સસ્થાપક સ્ટીવ જોબ્સનો જન્મ થયો હતો. આ વિખ્યાત અમેરિકન બિઝનેશમેનને એપલ દ્વારા મોબાઈલ ક્રાંતિ સર્જવાનો મહત્ત્વનો ફાળો આપ્યો છે.

### આજનું ઔષધ

- ચામડી પર એલર્જીના ચકામા થતા હોયતો મૂળાના પાનો રસ પીવો અને મૂળાનો કાંદો ખાવો

### ખડખડાટ

- છોકરી : તારું નામ શું ?
  છોકરો : ગુજરાત, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર, ઓડીસા...?
  છોકરી : શું ?
  છોકરો : રાજ્યો....

### આજનો વોટ્સએપ

- મહાન વ્યક્તિના વિકાસનો પાયો નમ્રતા છે.

# ઈન્કમટેક્સ મારી સામે રાક્ષસની માફક અટ્ટહાસ્ય કરતો દેખાવા માંડતો હોય છે




"આ દર વખતની તમારી લપ! ફેબ્રુઆરી આવ્યો નથી ને તમારી ગણતરીઓ ચાલુ થઈ નથી! સવાર પડી નથી ને કેલ્ક્યુલેટર લઈને મંડી પડ્યા નથી!" અંજનાએ ભવાં ચડાવીને કહ્યું. વાત તો સાચી હતી પણ એમ હું ગાંજયો જાઉં તો હું પતિ શાનો? મેં કહ્યું, "હા, તે શું કરું? ના, ના તું જ કહે, ઈક્રમટેક્સ ના ભરું?"

"તે નહીં ભરો તો સરકાર છોડવાની છે તમને?" અંજના બોલી. "જો, તું બે બાજુ ના બોલ. ગણતરીઓ કરું છું એ ય તને પોસાતું નથી ને ઈક્રમટેક્સ ના ભરું તો એમાં ય તું હા પાડવાની નથી! માણસ કરે તો શું કરે?" મેં જરા ઊંચા અવાજે કહ્યું. "માણસ કરે તો પહેલેથી પ્લાનીંગ કરે! છેક આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના બેસે!" અંજનાએ રોકડું પરખાવ્યું.

અંદરખાને તો હું ય સમજતો હતો કે અંજના જરા ય ખોટી નહોતી! મને પહેલેથી ગણતરીના નામથી જ નફરત! સ્કૂલમાં પણ મને ગણિત જરા ય આવડ્યું નહીં! બાકી બધા વિષયમાં ઠીક-ઠીક માર્ક્સ આવે પણ ગણિતના માર્ક્સ મળવાના હોય ત્યારે આપણા રામ ઊંચા જીવે હોય! પાસ થઈ જઈશ તો પાંચ નાળિયેર શંકરદાદાને ચડાવીશ એવી મેં લીધેલી અને પૂરી કરેલી માનતાઓની ગણતરી કરવા બેસું તો વેપારીના ગોડાઉનમાં હોય એટલાં નાળિયેર તો થઈ જ જતાં હશે! પછી તો ઘરવાળાં ય ત્રાસી ગયાં હતાં! બાપુજી કહેતા કે આમ નાળિયેર ચડાવી દેવાથી કંઈ ન વળે! મહેનત કરવી જોઈએ મહેનત! એમને કોણ સમજાવે કે મહેનત કર્યા પછી જ તો નાળિયેર ચડાવવાના લેવલ સુધી પહોંચ્યો છું! મોટાભાઈ કહેતા કે તને ખબર નથી પણ નાળિયેર ચડાવવા કરતાં ચાલતાં મહાદેવજીના મંદિરે દર્શન કરવા જઈએ ને તો મહાદેવજી વધુ પ્રસન્ન થાય! ને હું મહાદેવજીને વધુ પ્રસન્ન કરવાની ફિરાકમાં ચાલતો દર્શન કરવા જતો થઈ ગયેલો! એ તો પછી એક દિવસ મેં મોટાભાઈને બાપુજીને કહેતાં સાંભળ્યા કે આ નાનકો બબૂચક છાશવારે પાંચ-પાંચ નાળિયેરના ખર્ચાઓ બંધ કરે એટલે એને ચાલવાના રવાડે ચડાવી દીધો ત્યારે મને આખા ષડયંત્રની ખબર પડેલી!

ખેર, ટૂંકમાં, ગણતરી કરવાની આવે એટલે આપણા મોતિયા મરી જાય! લગ્ન થઈ ગયાં પછી શરૂઆતમાં જ્યારે અંજનાને મારા "ગણિત-જ્ઞાન"નો ખ્યાલ આવવા માંડ્યો ત્યારે એને હું એમ કહીને સમજાવી દેતો કે અમે તો લાગણીના જળનાં પંખી! જિંદગીમાં કોઈ દિવસ ગણતરી કરતાં જ ન શીખ્યા! પણ એક-બે વર્ષમાં એ મારું "ગણિત-અજ્ઞાન" સમજી ગઈ હતી!

મૂળ મૂદ્દે મને ગણતરી આવડે નહીં અને ઈક્રમટેક્સની કંટાળાજનક અને "બિનરસપ્રદ" ગણતરી મારા પલ્લે પડે નહીં, એટલે અંજનાએ મને એક વાર સૂચન પણ કરેલું કે કોઈક સી.એ.ની સલાહ લો. પણ એમાં મારો પુરુષ-સહજ અહમ ઘવાયેલો! મેં અવાજમાં કરડાકી લાવીને સ્પષ્ટતા માંગેલી, "એટલે તારું એમ કહેવું છે કે આટલાં વર્ષો સરકારી નોકરીમાં વીતાવ્યા પછી મને ઈક્રમટેક્સ કેમ બચાવવો એ ખબર નથી પડતી?" એણે ઠંડકથી જવાબ આપેલો, "બચાવવાની વાત તો બહુ દૂર છે, પહેલાં ગણતાં તો શીખો!" તે પછી હું 'મહાજ્ઞાનીનું લક્ષણ મૌન છેહ્ર એમ વિચારીને ચૂપ થઈ ગયેલો!

સરવાળે, જાન્યુઆરી મહિનાથી જ મને વિદ્યાર્થીકાળની પરીક્ષાઓ યાદ આવી જતી! એક તો આંકડાઓની મોહજાળમાં પડો અને પાછા રૂપિયા કેમ કરીને બચાવવા એની મથામણમાં રહો!

પત્ની સાંજે ભાખરી-શાક જ બનાવવા માંગતી હોય પણ પતિને પૂછીને વિવિધ વાનગીઓનાં નામ કઢાવે અને દરેકમાં કાંઈક ને કાંઈક વાંધા-વચકા કાઢીને અંતે તો ભાખરી-શાક જ બનાવે એવી ટેક્સ ભરનારાઓની દશા હોય છે! નામ બધાં રૂપાળાં- એફ.ડી., ગોલ્ડ, ગોલ્ડ બોન્ડ, હોમ લોન, મ્યુચુઅલ ફંડ, વીમા કવચ - પણ અંતે મૂંડાવાનું તો આવે જ! એફ. ડી. લો એટલે વ્યાજ પર ટેક્સ! ગોલ્ડ લો એટલે ઘરમાં તો રખાય નહીં! ઘરમાં રાખો તો તમારે ચિંતા ને બેંકમાં રાખો તો બેંકવાળાને ચિંતા, ને એ ચિંતા લૉકર મેંટેઈન કરવાના ચાર્જરૂપે એ વસૂલે! ગોલ્ડ બોન્ડ પાકે ત્યાં સુધીમાં તમે "પાકી" ગયા હોવ! હા, હોમ લોન તમને ટેકસમાં રાહત કરી આપે પણ એના માટે તમારે હોમ લેવું પડે! અને રિયલ એસ્ટેટમાં રિયલી આગઝરતી તેજી હોય છે અને એ ય બારેમાસ! એટલે મારા જેવા નાના માણસનું એ કામ નહીં. બીજું, હોમ લોન મંજૂર થાય ત્યાર પછી બેંક નિર્દયપણે જે હપ્તાઓ કાપવા માંડે.... અને તમે પૂછો કે હજી તો એક્ચ્યુયલ હપ્તો આવવાનો બાકી છે ત્યાં આ શું કપાયું ત્યારે બેંકનો કર્મચારી મલકાતા મુખે જવાબ આપે કે આ તો વ્યાજ કપાયું! પિક્ચર અભી બાકી હૈ દોસ્ત! પણ દોસ્ત ટ્રેલરથી જ ત્રસ્ત થઈ ગયો હોય! મ્યુચ્યુઅલ ફંડ પાછું "બાઝારકે જોખિમોંકે આધીન" હોય એટલે તળિયા વગરનો લોટો! ગમે તે બાજુ ઢળે! અને આપણાં નસીબ એવાં હોય કે આપણે જેમાં પૈસા રોકીએ એનો ગ્રાફ ઊંચો હોય તો પણ આપણે એમાં પડીએ એટલે સાપ-સીડીની રમતના સાપની જેમ સડસડાટ નીચે ઊતરી આવે! વીમા કવચ પહેર્યાની ભાવના "સ્વગર્સ્થ" કરતાં "સ્વજનો"ને વધુ થાય! સરવાળે, આ બધાંમાં તમને ટેક્સ બચાવ્યા કરતાં છેતરાયાની લાગણી વધુ થાય!

પણ છેતરાઈને પણ ટેક્સ તો ભરવો જ પડે! અને એટલે જ કિશોરકુમારનું "પીછે પડ ગયા ઈક્રમટેકસમ" ગીત મને બહુ ગમે છે! સરકાર મા-બાપ, જાગો, સાહિત્યમાં પણ હવે ઈક્રમટેક્સ પેયરની અકળામણને વાચા આવી છે! કાવ્ય જેવા નાજુક સ્પંદનોથી સજેલા વિષયમાં પણ અર્થશાસ્ત્ર ઘૂસી ગયું છે! અહોહો, શું અધોગતિ તરફ આપણે જઈ રહ્યાં છીએ! માણસ ઈક્રમટેક્સ ભરવાની મૂંઝવણ કેટલી હદે અનુભવતો હશે! અને એટલે જ જાન્યુઆરી મહિનાથી જ મને પણ રાત્રે સૂતાં-જાગતાં કે સ્વપ્નમાં પણ ઈક્રમટેક્સ મારી સામે રાક્ષસની માફક અટ્ટહાસ્ય કરતો દેખાવા માંડતો હોય છે!

ઈક્રમટેક્સની ગણતરી, ટેક્સ બચાવવાની મથામણ, અને તો ય ન બચાવી શકયાની લાગણી- આ બધું ઘણીવાર મારા મગજમાં વિદ્રોહ પેદા કરી દે છે! એટલે આજે તો એ બધો આક્રોશ મેં અંજના આગળ ઠાલવ્યો, "શું ઈક્રમટેક્સ ભરવો અથવા એમ કહો કે સાચો ઈક્રમટેક્સ ભરવો એ સરકારી કર્મચારીની જ ફરજ છે? કંઈ કેટલાય લોકો સાચો ઈક્રમટેક્સ નથી ભરતા, એમને કોઈ કંઈ કહે છે? અને શું મધ્યમવર્ગની જનતા જ આમાં પીસાયા કરશે?" જવાબમાં અંજનાએ નિર્લેપભાવે કહ્યું, "આજે દૂધવાળો નથી આવ્યો તે સામેના પાર્લરમાંથી બે થેલી લેતા આવો." અને "ઈસ ભરી દુનિયામેં કોઈ ભી હમારા ન હુઆ, ગૈર તો ગૈર થે, અપનોંકા સહારા ન હુઆ" એમ ગણગણતો હું પછી દૂધની થેલી લઈ આવ્યો!

mtabuch150@gmail.com

# સપ્તપદીની સાત સલાહ




હાલ લગનની મૌસમ ખીલી ઉઠી છે. જ્યાં જુઓ ત્યાં લોકો પરણી રહ્યાં છે ત્યાં એક વાત મારું ધ્યાન ખેંચે છે, લોકો વરવધુને આશીર્વાદ મસ્ત આપે છે.

સુખી થાઓ અને કરો, ખુશ રહો, સૌભાગ્યવતી ભવ - આમ જુઓ તો આ બધા આશીર્વાદ લગન બાદ જીવન ખુશહાલ રહે એવું જ કંઈ કહે છે પણ એવું દરેક વખતે બનતું નથી. નવા નવા લગ્ન હોય ત્યારે થોડો સમય બધું સરસ છે એવો ભ્રમ થાય છે અને પછી ધીરે ધીરે એ ભ્રમ તૂટવા લાગે છે. લગ્ન કરીને ફસાઈ જવાયું એવું લાગે છે. આવું કેમ થાય છે?

કોઈ પણ પ્રોફેશનલ માણસ પાસે સલાહ લેવા જાઓ તો કન્સલ્ટિંગ ફી આપવી પડે પણ અમે લેખક જીવ બૌ ઉદાર, મફતમાં સલાહ આપીએ અને એય એક પર એક ફ્રી આપીએ. અહીંયા હું તમને એક બે નહીં પણ પૂરી સાત સલાહ આપી રહી છું અને એ પણ તદ્દન મફત. હાલો ત્યારે વાંચો અને લાઈક કરો, મતલબ કે અમલ કરો...

સૌથી પહેલી અને અગત્યની સલાહ- એકબીજાને સાથ આપો. ભલે તમારો પાર્ટનર જે કહી રહ્યો હોય એ તમને ગમે કે ના ગમે પણ એની વાત સાંભળો અને હકારાત્મક પ્રતિભાવ આપો. આ ખૂબ નાનકડી પણ ખૂબ મહત્વની વાત સાબિત થશે તમારા નવા નવા સંબંધમાં એકબીજા સાથે લાગણી અને વિશ્વાસથી જોડાવા માટે.

બીજી થોડી ખાનગી સલાહ - સપનાની દુનિયાને છોડી જમીન ઉપર આવી જાઓ. આપણામાં મોટા ભાગના લોકો એવા હોય છે જે લગ્ન બાદ જ જીવનસાથી સાથે પહેલી વખત શારીરિક રીતે નિકટ આવતા હોય છે. હવે માની લો કે તમે પચીસ વરસે પરણો છો તો ત્યાં સુધી જ્યારે પણ તમારા મનમાં જાતિય આવેગ આવ્યો હશે ત્યારે તમે કોઈ ને કોઈ કલ્પના કરી હશે. એ કલ્પનામાં જે મજા આવી હોય એવી જ મજા વાસ્તવિક જીવનમાં પણ આવવી જ જોઈએ એવું જરૂરી નથી. આપણે સૌ ફિલ્મ અને ટીવીમાં સુહાગરાતના ઉત્તેજિત દ્રશ્યો જોઈ એને જ સાચું માની લઈએ છીએ જે ભૂલભરેલું છે. ત્યાં એક એક સીનના કેટલાય રિટેક થતાં હોય છે, એ જોડી તમને જોવી ગમે એ માટે એક આખી ટીમ કામે લાગેલી હોય છે. તમારા લગનની પહેલી રાત જેવી ફિલ્મોમાં બતાવે છે એવી ના જાય તો ફિકર છોડો અને એવી હજી ઘણીય રાતો તમારે એકમેકના સાનિધ્યમાં વિતાવવાની છે એમ માની આગળ વધો.

ત્રીજી ખૂબ ઉપયોગી સલાહ - પતિપત્ની બંનેએ એક બીજાનું માન જાળવવું. તમે નવા નવા પરણ્યા હો ત્યારે એકબીજા સાથે વધારે વાતો નહીં કરો તો ચાલશે પણ એકમેકનું માન નહીં જાળવો એ નહીં ચાલે. સંયુક્ત કુટુંબમાં જ્યાં આસપાસ કોઈનું કોઈ હાજર હોય ત્યારે તમારે એ નથી ભૂલવાનું કે જે વ્યક્તિ સાથે તમે જીવનભર માટે જોડાયા છો એના માન સન્માનનું રક્ષણ કરવું એ તમારી પહેલી ફરજ છે. આપણે ત્યાં કુટુંબનું એકાદ સભ્ય તો એવું હોય જ છે જેને અમારે તો આમ ને અમારા ત્યાં તો તેમ કહી કહી નવી વહુ કે જમાઈને નીચા દેખાડવાની મજા આવતી હોય. આવા સમયે વાત વધારે વણસે એ પહેલાં જો એને કુનેહપૂર્વક વાળી લેવાય કે થોડાક સાસરી પક્ષના વખાણ કરી લેવાય તો એનાથી તમારા લાઈફ પાર્ટનરના મનમાં તમારી ખૂબ સુંદર છાપ પડશે. તમારા કુંટુંબીજનોને એ કદાચ નહીં ગમે પણ એ બધું પાછળથી સંભાળી લેવાશે.

ચોથી ખૂબ સમજદારી ભરી સલાહ - તમને દુઃખ પહોંચાડે એવી કોઈ વાત છુપાવો નહીં. નવા નવા લગ્ન થયા હોય ત્યારે તમે બંને માણસો એકબીજાથી અજાણ્યા છો. આજ સુધી ભલે તમે તમારી દરેક તકલીફ જાતે સોલ્વ કરતા આવ્યા હો હવે એવું નથી કરવાનું. હવે તમારી પાસે એક એવી વ્યક્તિ છે જેને તમે તમારા મનની દરેક વાત કહી શકો છો. તમને તમારા પાર્ટનરની કે એમના ઘરની કોઈ વાત ના ગમે, એનાથી તમારી લાગણી દુભાતી હોય તો ખુલીને વાત કરો. દુઃખને મનમાં ને મનમાં દબાવી રાખવાથી એ મટી નથી જતું પણ વખત આવે એ બમણા વેગથી ઉછળીને બહાર આવે છે અને ત્યારે થાય કે જો શરૂઆતમાં જ આ વિશે ધ્યાન અપાયું હોત તો પરિસ્થિતિ આટલી બધી વણસી ના હોત.

પાંચમી જરૂરી સલાહ - એક મજબૂત સંબંધ મુક્તિ ઝંખે છે બંધન નહીં. તમે એકબીજાની ખૂબીઓ, ખામીઓ જાણો, જણાવો અને એનો સ્વિકાર કરો. એકબીજાની સાથે જરૂર રહો પણ જરૂરતથી વધારે ગુંદરીયા થઈ ચીપકી ના જાઓ. એકબીજાને મોકળાશ આપો. તમે પતિપત્ની થયા એટલે હવે તમને તમારા પાર્ટનરની દરેક વાત જાણવાનો તમને અધિકાર છે એમ માની તમે એમના ફોનના પાસવર્ડ માંગો, એમના મિત્રો વગેરેની તપાસ કરો એ બધું ઠીક નથી. સમાજની સાક્ષીએ જે વ્યક્તિએ તમારો હાથ પકડ્યો છે એ હવે જીવનભર તમારી જ છે એમ માની એની ઉપર વિશ્વાસ મૂકતા શીખો.

છઠ્ઠી અને યાદ રાખવા જેવી સલાહ - તમારા ઝઘડામાં તમારા પરિવારના સભ્યોને વચ્ચે ના લાવો. એક વાત સદા યાદ રાખો કે હાલ તમે પતિપત્ની ભલે સાથે હો પણ તમે બંને જુદા જુદા પરિવારમાંથી આવો છો. બંનેના ઘરના કાયદા, નિયમો અલગ હશે અને એ જે પણ હોય તમારે એને અપનાવવા રહ્યાં. વહુ થઈએ ત્યારે સાસરીમાં જે નિયમ હોય એ પ્રમાણે ચાલવું પડે અને જમાઈ થઈએ ત્યારે સાસરી પક્ષે જે પણ થતું હોય એનો આદર કરવો પડે. કેટલાક પતિપત્ની પહેલાં લાગણીમાં તણાઈ જઈ એમના કુટુંબના બધા સભ્યો વિષે ઝીણામાં ઝીણી વાત એમના જીવનસાથીને કહી દેતા હોય છે અને પછી જેવો એકાદ ઝઘડો થાય ત્યારે, તમારી મમ્મી તો આમ ને તમારી દાદી તો તેમ કહી તડાફડી બોલાવી દે છે. આ સારું નથી લાગતું. આવું કરવામાં તમે તમારા સાસરી પક્ષની નજરમાંથી ઉતરી જાઓ છો.

સાતમી સૌથી છેલ્લી અને સૌથી મજાની સલાહ - મન ભરીને લડી લો પણ રાતની વાત સવાર સુધી લંબાવો નહીં. દુનિયાના કોઈ પતિપત્ની એવા નહીં હોય જે એકબીજા સાથે લડતા ઝઘડતા ના હોય. એમાં કંઈ ખોટું નથી. જ્યાં સામેવાળા માણસની કોઈ વાત ના ગમે ત્યાં બોલવું જ જોઈએ પણ લડતી વખતે ઉપરની છો સલાહ યાદ રાખીને લડવું. જે કહેવું હોય એ સ્પષ્ટ રીતે કહેતા શીખી જાઓ અને ગોળ ગોળ વાત કરવાનું ટાળો. વાતનો નિવેડો આવે, ના આવે પથારીમાં ભેગા થાઓ ત્યારે એકબીજાને માફ કરીને હસી નાંખવાની આદત કેળવી લો. રાતના બેડરૂમમાં દાખલ થાવ ત્યારે ભલે દિવેલ પીધા જેવું ડાચું લઈને ગયા હોં સવારે જ્યારે બહાર આવો ત્યારે ખુશ ખુશાલ દેખાવા જોઈએ.

બસ, મારી આટલી સાત સલાહ યાદ રાખી અમલ કરો પછી તમે પણ સુખી દાંપત્ય જીવન જીવતા થઈ જશો.

**અમસ્તું,**

આ લેખ કોઈએ મારા ઘરવાળાને વાંચવા આપવો નહીં!

- @KapadiaNiyati